Gujarati

# હોમ શોપિંગ (ઘરે બેઠાં ખરીદી)

### ઈન્ટરનેટ ♦ મેઈલ (ટપાલથી) ઓર્ડર ♦ ટેલિફોન ♦ ફેક્સ ♦ ડિજિટલ ટેલિવિઝન

## ગ્રાહક તરીકે તમારા કાનૂની અધિકારો

**જો તમે ઈન્ટરનેટ ઉપર, મેઈલ (ટપાલથી) ઓર્ડર આપીને, ટેલિફોન, ફેક્સ કે ડિજિટલ ટેલિવિઝન દ્વારા માલ-સામાન કે સેવાઓની ખરીદી કરો, તો તમારા નવા કાનૂની અધિકારો છે:**

### 1. સ્પષ્ટ માહિતી

વેચનારે તમને આ જણાવવું જ જોઈએ:

- તેનું નામ, અને જો તમારે અગાઉથી (એડવાન્સમાં) પૈસા ચૂકવવાના હોય, તો તેનું ટપાલ મોકલવાનું સરનામું;
- માલ-સામાન કે સેવાઓનું વર્ણન;
- બધા જ ટેક્સ અને ડિલિવરી કરવાના (માલ પહોંચાડવાના) ખર્ચ સાથેની કિંમત;
- પૈસા ચૂકવવાની ગોઠવણ;
- ડિલિવરી કરવાની ગોઠવણ; અને
- ઓર્ડર રદ (કેન્સલ) કરવાનો અધિકાર, અને માલ-સામાન પાછો મોકલવાની કિંમત માટે તમે જવાબદાર હશો કે નહિ.

તેણે તમને એ પણ જણાવવું જરૂરી છે કે:

- જો અમુક સમય માટે સેવા પૂરી પાડવામાં આવવાની હોય, તો સેવાઓ માટે ઓછામાં ઓછી કેટલી મુદતનો કોન્ટ્રાક્ટ હશે તે; અને
- ઓફર કેટલા સમય માટે માન્ય રહેશે.

### 2. વિચાર કરી જોવાનો સમય

જો તમે વિચાર બદલો તો કાયદો તમને વિચાર બદલવા માટે અને ઓર્ડર રદ કરવા માટે કામના સાત દિવસનો સમય આપે છે.

### 3. છેતરપિંડી સામે તમારા ક્રેડિટ કાર્ડનું રક્ષણ

જો બીજી કોઈ વ્યક્તિ કોઈ પણ પ્રકારના હોમ શોપિંગ માટે તમારા પેયમેન્ટ કાર્ડનો અપ્રમાણિક અથવા છેતરપિંડીથી ઉપયોગ કરે, તો તમે પેયમેન્ટ રદ કરાવી શકો છો અને કાર્ડ આપનાર કંપનીએ તમારા અકાઉન્ટમાં તે પૈસાનું વળતર ચૂકવી આપવું જરૂરી છે.

## મદદ ક્યાંથી મેળવવી

તમારા અધિકારો વિશે વધુ સલાહ મેળવવા માટે તમારા સ્થાનિક સિટિઝન્સ એડવાઈસ બ્યૂરો (નાગરિક સલાહ કેન્દ્ર) અથવા ટ્રેડિંગ સ્ટાન્ડર્ડ્સ ડિપાર્ટમેન્ટ (વેપારનાં ધોરણો માટેના વિભાગ)નો સંપર્ક કરો. તેમનાં સરનામાં અને ટેલિફોન નંબરો તમને ફોન બુકમાંથી મળી શકશે. તમે ઓફિસ ઓફ ફેર ટ્રેડિંગ (વાજબી વેપાર માટે જવાબદાર ઓફિસ)નો તેમની કન્સ્યુમર (ગ્રાહકો માટેની) ફોન લાઈન 08457 22 44 99 ઉપર સંપર્ક કરી શકો છો.

જો તમારી પાસે ઈન્ટરનેટની સગવડ હોય તો તમે આ વેબસાઈટો ઉપરથી ઓનલાઈન સલાહ મેળવી શકો છો:
www.adviceguide.org.uk, www.tradingstandards.gov.uk, www.oft.gov.uk
અથવા ડી.ટી.આઈ.ની **કન્સ્યુમર ગેટવે** વેબસાઈટ www.consumer.gov.uk ઉપરથી.